પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૬૯ | ૨૯ ઓગસ્ટ, ૨૦૨૧, રવિવાર; શ્રાવણ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાશ્મીરમાં આતંકી હુમલાની આશંકા

**આતંકી હુમલાની શંકાએ ગુપ્તચર એજન્સીઓ એલર્ટ : અફઘાન પર તાલિબાનના કબજા બાદ સરહદે આતંકી ગતિવીધિ વધી : ઓગસ્ટના ત્રીજા સપ્તાહમાં જૈશના નેતાઓ અને તાલિબાન નેતાઓ વચ્ચે કંદહારમાં બેઠક યોજાઈ હોવાની માહિતી બાદ એજન્સીઓ હાઈએલર્ટ પર**



નવી દિલ્હી, તા.૨૮

તાલિબાને બળ દ્વારા અફઘાનિસ્તાનની સત્તા સંભાળ્યા બાદ સરહદ પાર આતંકવાદીઓની અવરજવર વધી છે. ગુપ્તચર એજન્સીઓ આને મોટા ખતરા તરીકે જોઈ રહી છે.

સરહદ પાર આતંકવાદીઓની ગતિવિધિઓમાં વધારો થયાની માહિતી મળ્યા બાદ દેશની ગુપ્તચર એજન્સીઓએ જમ્મુ -કાશ્મીરમાં આતંકવાદી હુમલા અંગે એલર્ટ જારી કર્યું છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, કોઈપણ અનિચ્છનીય પરિસ્થિતિ માટે પોતાને તૈયાર કરવા માટે આ માહિતી રાજ્યની ગુપ્તચર અને સુરક્ષા એજન્સીઓ સાથે વહેંચવામાં આવી છે.

એક સત્તાવાર સૂત્રએ જણાવ્યું કે ઓગસ્ટના ત્રીજા સપ્તાહ દરમિયાન પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (જેઈએમ) ના નેતાઓ અને તાલિબાન નેતાઓ વચ્ચે કંદહારમાં એક બેઠક યોજાઈ હતી. આ બેઠક અંગે જાણ થયા બાદ તમામ ગુપ્તચર એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. સૂત્રો જણાવે છે કે તાલિબાન નેતાઓના જૂથે આ બેઠકમાં ભાગ

● અનુસંધાન પાન-૭ પર

## આઈએસઆઈએસના ગઢ પર ડ્રોનથી અમેરિકાનો હુમલો

**૪૮ કલાકમાં અમેરિકાએ ISISથી લીધો ૧૩ સૈનિકોના મોતનો બદલો! યુએસ સેના દ્વારા કરાયેલા હવાઈ હુમલામાં કાબુલ બ્લાસ્ટના કાવતરાખોરના માર્યા ગયાના અહેવાલો, હુમલામાં કોઈ નાગરિક જાનહાનિના સમાચાર નથી**

કાબુલ,તા.૨૫

કાબુલ એરપોર્ટ પર આઈએસઆઈએસના હુમલામાં ૧૩ સૈનિકો માર્યા ગયા બાદ અમેરિકાએ બદલો લેવાનું શરૂ કર્યું છે. શનિવારે અમેરિકી સેનાએ હવાઈ હુમલામાં આતંકી સંગઠન આઈએસઆઈએસના ઠેકાણાને નિશાન બનાવ્યું હતું. હુમલામાં ટાર્ગેટ (કાવતરાખોર)ના માર્યા ગયા હોવાના અહેવાલ છે. અમેરિકી મીડિયા અનુસાર, અફઘાનિસ્તાનના નાંગહાર પ્રાંતમાં આતંકવાદી સંગઠન આઈએસઆઈએસના અડ્ડાઓને ડ્રોન હુમલા દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા. નાંગહારને આઈએસઆઈએસનો ગઢ માનવામાં આવે છે. અહેવાલો અનુસાર, આ હુમલામાં કથિત કાવતરાખોર માર્યો ગયો છે. રાહતની વાત છે કે આ હુમલામાં કોઈ નાગરિક જાનહાનિના સમાચાર નથી. જોકે, અમેરિકી વહીવટીતંત્ર દ્વારા હજુ સુધી આ હુમલાની પુષ્ટિ કરવામાં આવી નથી. બીજી બાજુ અફઘાનિસ્તાનના કાબુલ એરપોર્ટ પર ફરી એક વખત આતંકવાદી હુમલાનો ખતરો છે. અમેરિકાના ગુપ્તચર અહેવાલમાં એરપોર્ટની આસપાસ ફરી એક વખત આતંકવાદી હુમલાની શક્યતા છે. ખતરાને જોતા



● અનુસંધાન પાન-૭ પર

## કેરળમાં સૌથી વધુ કેસો સામે આવતા ચિંતા

**કેરળમાંથી કોરોનાના આવી રહેલા આંકડા ખૂબ જ ચિંતાજનક બની ગયા છે : દેશમાં કોરોનાની ત્રીજી લહેરનું એપીસેન્ટર પણ શું કેરળ બનશે કે કેમ એ અંગે નિષ્ણાતો સંશોધન કરી રહ્યા છે : કોરોનાના કેસ ૩૨ હજારથી વધારે નોંધાયા છે**

ન્યુ દિલ્હી, તા.૨૮

દેશમાં કોરોનાની ત્રીજી લહેરની દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે ત્યારે કેરળ દેશ માટે કોરોનાની ત્રીજી લહેરનું એપી સેન્ટર બનશે કે કેમ તે અંગે તર્ક-વિતર્ક ચાલી રહ્યા છે. દેશમાં જ્યારે રાજ્યોએ પોતાને ત્યાં અનલોક કરી ચુક્યા છે, લોકો એક પ્રદેશમાંથી અન્ય પ્રદેશમાં અવર-જવર કરી રહ્યા છે ત્યારે કેરળની આ સ્થિતિ ચોક્કસપણે કોરોના વાઈરસને ફેલાવા માટે ઉત્તમ માહોલનું સર્જન કરી શકે છે. સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણના મતે કેરળમાં જે રીતે કેસ વધી રહ્યા છે તે ચોક્કસપણે ચિંતાજનક છે. કેસ આટલા ઝડપથી શા માટે વધી રહ્યા છે તે અંગે નક્કર માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. વધી રહેલા કેસને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકાર તરફથી મોકલવામાં આવેલી ટીમે હોમ ક્વોરેન્ટીન યોજનાને નિષ્ફળ ગણાવતા કહ્યું હતું કે રાજ્યમાં કોરોનાની સ્થિતિ હવે નિયંત્રણ બહાર છે. તપાસ ટીમના અહેવાલ પ્રમાણે કોરોના વિસ્ફોટ થવા પાછળ એક મોટું કારણ દર્દીઓનું મોટી સંખ્યામાં

● અનુસંધાન પાન-૭ પર




## અફઘાનિસ્તાનમાં અરાજકતાનો માહોલ

કાબુલ, તા.૨૮

કાબુલના બોમ્બ બ્લાસ્ટ બાદ અહીં માતમ જોવા મળી રહ્યો છે. જ્યાં વિસ્ફોટ થયો ત્યાંની દીવાલ લોહીથી ખરડાયેલી છે. જ્યાં લોકો માટે ઊભા રહેવાની જગ્યા ન હતી ત્યાં કપડાં અને એના ચીથરાં જોવા મળે છે, ચારેબાજુ લોકોનો સામાન અને જૂતાં-ચંપલ જોવા મળે છે. રસ્તાથી લઈને હોસ્પિટલ સુધી લોકો સ્વજનોને શોધી રહ્યાં છે. દરેક જગ્યાએ ચીસાચીસ અને બૂમો જ સંભળાઈ રહી છે. અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજાના ૧૩મા દિવસ, એટલે કે ગુરુવારે પહેલી વખત ફિદાયીન હુમલો થયો હતો, જેમાં ૧૩ અમેરિકી સૈનિક સહિત ૧૬૯ લોકોનાં મોત નીપજ્યાં, ૧૨૭૭ લોકો ઘાયલ છે. મોતનો આંકડો હજુ પણ વધી શકે છે, કેમ કે કેટલાક ઘાયલની સ્થિતિ ગંભીર છે. એરપોર્ટથી ૧૬ કલાક પછી શુક્રવારે સવારે લગભગ ૧૧ વાગ્યે ફ્લાઈટ ઓપરેશન્સ ફરી શરૂ થઈ ગયું.




